# નો પ્રોબલેમ

## આવારાવણોક્યાં?

સીતાને મળવાએકવારરાવણનેખ્યાલ નઆવે
એરીતેઅશોકવાટિકામાં મંદોદરીઆવ્યા. બન્નેવચ્ચે ઔપચારિકવાતોથયાપછી
સીતાએ મંદોદરીનેકહ્યું,
'એકબાબતમાંતનેધન્યવાદઆપવાનું મનથાય છે કે
તનેરાવણજેવાપતિ મળ્યા છે. કારણકેદહીં પોતાનાતાબામાંહોય,
દહીં પોતાને ભાવતું પણહોયઅનેપોતાનેદહીં ખાવાની ઈચ્છાપણહોયઅનેછતાં
માત્રદહીંનીવિનંતિને માનઆપીનેબિલાડોએદહીંને ખાવાનું મુલતવી રાખે તોબિલાડો
ધન્યવાદનેપાત્રગણાયકેનહીં?તારાપતિદેવઅત્યારેઆપરાક્રમ કરીરહ્યા છે. એમને ય ધન્યવાદ છે અનેઆવાપતિ મળવાબદલ તું ય ધન્યવાદનુપાત્ર છે.'
આવા 'રાવણો' આજેક્યાંયહોયતો અમનેદર્શનઆપે.

## શરમવિના....

ભાઈ દુર્યોધન!
માત્ર ૫૦૦/૭૦૦ની સભા વચ્ચે દુ:શાસનનાહાથેદ્રૌપદીનાં ચીવર(કપડાં) ઉતરાવતા
તનેપડેલીતકલીફનીવાતવાંચી
અમનેઆશ્ચર્યથયું, અમને લાગ્યુંકે કૃષ્ણના સમયમાંથઈગયેલ
તારોજન્મ એતારું દુર્ભાગ્ય હતું.
બાકી, તુંજો અમારાઆ સમયમાંજન્મ્યોહોતતો
તનેએમાંનીએકપણતકલીફનપડીહોત,
કારણકેઆ સમયમાંતોસામે ચડીને, ખૂબ રાજી-ખુશીથી
કરોડોદર્શકોનીસામે માત્રએક-બેનહીં,
સો-હજારનહીં બલ્કે લાખો આધુનિક (દ્રૌપદીઓ!)
યુવતીઓશરમવિનાપોતાનાંવસ્ત્રોઉતારીરહી છે.
પછીવસ્ત્રાહરણનીતકલીફપડવાનો પ્રશ્ન જ ક્યાં છે?

## એ ભૂલ... રાજનેતાઓક્યારેયકરતાંનથી,

રાજન્દશરથ!
રામાયણનાબધા જ પ્રસંગોવાંચ્યાપછી અમે એનિષ્કર્ષપરઆવ્યાછીએકે,
આતમામ પ્રસંગોના મૂળમાંતમે જ હતા.
કૈકેયીનેઆપેલ વચનપૂર્ણકરવાની (?) ભૂલ જોતમે નકરીહોતતોઆ
રામાયણનુંસર્જન જ નથયુંહોત.
અલબત, કૈકેયીનેતમે 'માગ માગતું માગેએતનેઆપું'
એજે વચનઆપ્યુંએતમારી ભૂલ નહોતી

કારણકે પ્રજાજનોએ વચનઆપવાનીબાબતમાં
તો અમારાઆદેશનારાજનેતાઓગજબનાકહદે
ઉદાર છે પણઆપેલ વચનપૂર્ણકરવાનીતમે જે ભૂલ
કરીએ ભૂલ અમારારાજનેતાઓક્યારેયકરતાનથી.
અમનેએમ લાગે છે કેરાજકારણમાં અમારાનેતાઓ
કરતાંતમે ઘણાં ઊતર્યા, નહિતર
એસ્થિતિનસર્જાઈહોત!

## અફસોસ!

સામગ્રીસંપત્તિથી ખરીદી શકાય છે,
ઘઉં બાજરીનાબદલામાં મેળવીશકાય છે,
સંપત્તિસોનાનીસામે મળી શકે છે,
નોકરનાહાથશેઠબનીને ખરીદી શકાય છે પરંતુ
કોકનાહૈયાનેજોહું મારુંબનાવીદેવા માગુંછુંતો
એ માટેએક જ મૂડી મારીપાસેહોવીજરૂરી છે
અનેએ મૂડીનુંનામ છે પ્રેમ!
અફસોસ! એએક જ મૂડી પ્રત્યેહુંજીવનમાં
વધુનેવધુઉદાસીનબન્યોરહ્યોછું!

## તેવી સમજણનીજરૂર છે.

બૂટનુંપરિધાન મોજાંમાંરહેલ કાણાંઓનેછુપાવવામાં
સફળ બનીજતુંહોયતો ય મોજાંઓરહે છે તોકાણાંવાળા જ!
ગમે ત્યારેએબે -આબરૂકરીશકે છે.
ખમીસનુંપરિધાનછાતીનાકેન્સરનેઅપ્રગટરાખવામાં
સફળ બનીજતુંહોયતો ય છાતીનુંકેન્સરરહે છે તોત્યાંનેત્યાં જ!
ગમે ત્યારે લમણે મોતઝીંકીશકે છે.
દંભનું સેવનઅંતરમાંરહેલ દુર્ગુણોનેદબાવી રાખવામાં
સફળ બને છે તો ય આત્માનેદુર્ગતિમાંજતોરોકવામાંતોએધરારનિષ્ફળતાને જ વરે છે.
જોઆજ મારીહાલતહોયતોદુર્ગતિ પ્રોબ્લેમરૂપ લાગેતેવી સમજણનીજરૂર છે.

## મુખમાંથીશબ્દોસરીપડયાં

એક વૃદ્ધપુરુષનાહાથનેપકડીનેહસતે ચહેરે
એમનેરસ્તોપસારકરાવતોએકયુવક મને દેખાયો.
ઘરમાંરહેલ ૮૦ વરસનીવયનાં લકવાગ્રસ્ત
સાસુના મોઢામાંવહાલથી ભોજનનો કોળિયો
મૂકતીએકપૂત્રવધુ મને દેખાઈ.

અજાણીયુવતીનીછેડતીકરતાએકયુવકને
પડકારકરીને ભગાડી મૂકતોએકપવિત્રયુવક
મારી આંખે ચડીગયો. તમામ અનુકૂળતાછતાં
એકાંતમાંરૂપવાનયુવકસાથેવાતોકરતી વખતે
પોતાની આંખો નીતીઢાળીનેબેસેલીએકસુશીલ
યુવતી મેં જોઈ.સાસરેઆવેલીપુત્રવધુનું મસ્તક
પોતાના ખોળામાં મુકાવીનેએનાપર પ્રેમભર્યો હાથ
પસવારતીસાસુને મેં જોઈ.
મારા મુખમાંથીશબ્દોસરીપડ્યા,
હવેકોઈ પ્રોબલેમ નથી.

## શ્મસાન માટેજરૂરી.....

આએ ઘર છે કેજેમાં
પપ્પા 'હસતા' જોવા મળતાનથી.
બાળકો 'રમતા' જોવા મળતાનથી.
સ્વજનોએકસાથેબેસીને 'જમતા' જોવા મળતાનથી.
નાનાઓ મોટાઓને'નમતા' જોવા મળતાનથી.
પોતાની ભૂલ થઈહોવાનુંજાણ્યાપછી ય દીકરાોઅત્યાંથી 'ખસતા' જોવા મળતાનથી.
મમ્મી બાળકો પ્રત્યે 'મમતા' દાખવતા જોવા મળતાનથી.
ગલતનિમિત્તેવાતાવરણડહોળાયેલાનુંજાણવાછતાં,
કુટુંબનાસભ્યોએકબીજાને 'ખમતા' જોવા મળતાનથી.
સમજાતુંનથી, 'સ્મશાન'ને 'ઘર'નું લેબલ શેં મળી ગયુંહશે?

## બારવાગ્યાં

બેકૂતરા ભેગા થાય, સામ સામુ ભસીને પછી જ જુખા થાય,
બે આખલા ભેગા થાય, સામસામે શિંગડાં ભરાવીને પછી જ જુદાથાય,
બેગધેડા ભેગા થાય, પાછલાપગેએકબીજાને લાત મારીનેપછી જ જુદાથાય,
એમકહેવાય છે કે,
ઘડીયાળમાંબારઉપરબેકાંટા ભેગા થાયએટલેબારવાગ્યાંએમ કહેવાય,
અનેકાંટાજેવાબે માણસો ભેગા થાયત્યારે લોકોનાબારવાગ્યાએમ કહેવાય.
સુરક્ષિતકેસુકોમળજીવનજીવવામાં પ્રોબલેમ શુંનડે છે?

## કોઈ પ્રોબ્લેમ ખરો?

મકાન ખંડિયર બનીજાય,
વાસણ ભંગાર બનીજાય,
કપડું ચીથરુંબનીજાય,

ફર્નિચર લાકડું બની જાય,
કાગળ ડૂચો બની જાય,
નદી રણ બની જાય
કાળ! તારી આ કમાલ તો મારા ખ્યાલમાં છે જ
પણ પ્રભુ પ્રત્યે પ્રગટી ગયેલ મારા લાગણીના ઝરણાં ને
મહાસાગર બનતા અટકાવવાની તાકાત તારામાં નથી જ.
એવી ભક્તિ-શક્તિને કોઈ પ્રોબલેમ થશે?